પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૫૮ | ૩૦ નવેમ્બર, ૨૦૨૧, મંગળવાર; કારતક વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# લોકસભામાં કૃષિ કાયદા પરત ખેંચાયા

**સંસદનું શીતકાલીન સત્ર શરૂ : કૃષિ કાયદા પરત ખેંચવાનું બિલ લોકસભામાં પાસ થયું : વિપક્ષોના હંગામા બાદ સંસદની કાર્યવાહી સ્થગિત કરવી પડી, વિપક્ષોની એમએસપી પર કાયદો બનાવવાની માગ**

નવી દિલ્હી, તા.૨૯

આજથી સંસદનું શીતકાલીન સત્ર શરૂ થઈ ગયું છે. કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે લોકસભામાં કૃષિ કાયદા પરત ખેંચવા અંગેનું બિલ રજૂ કર્યું હતું જે પાસ થઈ ગયું છે. હવે આ બિલને રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. તોમરે જ્યારે લોકસભામાં આ બિલ રજૂ કર્યું ત્યારે વિપક્ષ ચર્ચાની માગણીને લઈ હંગામો કરી રહ્યું હતું. ત્યાર બાદ સ્પીકર ઓમ બિરલાએ ૨:૦૦ વાગ્યા સુધી સદનની કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી. હંગામાના પગલે રાજ્યસભાની કાર્યવાહીને પણ ૨:૦૦ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.





વિપક્ષ દ્વારા કૃષિ કાયદાઓ પર ચર્ચા કરવાની માગણી કરવામાં આવી રહી છે. જોકે સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે સરકાર કૃષિ કાયદાઓ પર ચર્ચા કરવા માટે તૈયાર નથી. સરકારના કહેવા પ્રમાણે જ્યારે વડાપ્રધાન મોદી પોતે જ માફી માગી ચુક્યા છે તો પછી ચર્ચા કઈ વાતની કરવાની.

કોંગ્રેસ દ્વારા એમએસપીની ગેરન્ટી પર કાયદો બનાવવાની અને આંદોલન દરમિયાન માર્યા ગયેલા ખેડૂતોના પરિવારજનોને વળતર આપવાની માગણી કરવામાં આવી હતી. કોંગ્રેસે તેલની વધી રહેલી કિંમતો અંગે ચર્ચા કરવા માટે પણ સ્થગન પ્રસ્તાવ આપ્યો છે. રાજ્યસભામાં ખેડૂતો સાથે સંકળાયેલા મુદ્દે ચર્ચા કરવા માટે કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને માકપાએ સ્થગન પ્રસ્તાવ આપ્યો છે.

## રાજ્યસભાના ૧૨ સાંસદો સત્રના શેષ ભાગ માટે સસ્પેન્ડ

**સત્ર દરમિયાન અનુશાસનહીનતા ફેલાવવાનો આરોપ**

નવી દિલ્હી, તા.૨૯

સદનના ચોમાસું સત્ર દરમિયાન અનુશાસનહીનતા ફેલાવવાના આરોપસર રાજ્યસભાના ૧૨ સાંસદોને શીતકાલીન સત્રના શેષ ભાગ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. એટલું જ નહીં, સદનની કાર્યવાહી પણ ૩૦ નવેમ્બર એટલે કે, મંગળવાર



સુધી માટે સ્થગિત કરી દેવામાં આવી છે.

સંસદના શીતકાલીન સત્રના પહેલા દિવસે જ વિપક્ષના ૧૨ સાંસદોને રાજ્યસભામાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ ૧૨ સાંસદો સમગ્ર સત્ર દરમિયાન સદનમાં નહીં આવી શકે. આ સાંસદોએ પાછલા સત્રમાં ખેડૂત આંદોલન સહિતના અન્ય કેટલાય મુદ્દાઓને લઈ સંસદના ઉચ્ચ સદનમાં ભારે હંગામો મચાવ્યો હતો. આ દરમિયાન તેમણે ઉપ-સભાપતિ હરિવંશ પર કાગળ ફેંક્યો હતો અને સદનના કર્મચારીઓની સામે રાખવામાં આવેલા ટેબલ પર ચઢી ગયા હતા. આ સાંસદો પર કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી હતી જેના પર રાજ્યસભાના સભાપતિ એમ. વેંકૈયા નાયડુએ નિર્ણય લેવાનો હતો.

સોમવારે જ્યારે સંસદ સત્ર ફરી શરૂ થયું તો સભાપતિ એમ. વેંકૈયા નાયડુએ પોતાનો નિર્ણય સંભળાવ્યો હતો.

## ભારત-ન્યૂઝીલેન્ડ પ્રથમ ટેસ્ટ મેચ ડ્રો

કાનપુર, તા.૨૯

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે કાનપુરમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ ક્રિકેટ મેચ ડ્રો રહી છે. જોકે, આ મેચ અંતિમ બોલ સુધી રોમાંચક બની રહી હતી જેમાં એજાઝ પટેલ અને રચિન રવિન્દ્ર અંતિમ ઓવર્સમાં ભારતીય સ્પિનર્સની ઘાતક બોલિંગનો મક્કમતાથી સામનો કરીને ટીમ ઈન્ડિયાને વિજયથી વંચિત રાખી હતી. અગાઉ રવિન્દ્ર જાડેજા અને રવિચંદ્રન અશ્વિને તરખાટ મચાવીને ભારતને વિજયની નજીક લાવી દીધું હતું.

ભારતે ન્યૂઝીલેન્ડ સામે ૨૮૪ રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. ન્યૂઝીલેન્ડના ટોપ ઓર્ડરે ટીમ ઈન્ડિયાને વળતી લડત આપી હતી પરંતુ જાડેજા અને અશ્વિનની ઘાતક બોલિંગ સામે ન્યૂઝીલેન્ડના બેટ્સમેનો વધારે સમય ટકી શક્યા ન હતા. એક પછી એક વિકેટ પડી જતા ભારત વિજયની નજીક આવી ગયુ હતું પરંતુ અંતિમ વિકેટ ન લઈ શકતા ટીમને ડ્રોથી સંતોષ માનવો પડ્યો હતો. ૨૮૪ રનના ટાર્ગેટ સામે ન્યૂઝીલેન્ડે ૯ વિકેટે ૧૬૫ રન નોંધાવ્યા હતા.

૨૮૪ રનના ટાર્ગેટ સામે ન્યૂઝીલેન્ડે ચોથા દિવસના અંત સુધીમાં એક વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, બાદમાં ટોમ લાથમ, વિલિયમ સમરવિલે અને સુકાની કેન વિલિયમ્સનને લડત આપી હતી. ટોમ લાથમે બીજા દાવમાં પણ શાનદાર બેટિંગ કરતા અડધી સદી ફટકારી હતી. તેણે ૧૪૬ બોલમાં ત્રણ ચોગ્ગાની મદદથી ૫૨ રન ફટકાર્યા હતા. જ્યારે સમરવિલેએ ૩૬ રનનું યોગદાન આપ્યું હતું. વિલિયમ્સન સેટ થવામાં સફળ રહ્યો હતો પરંતુ મોટી ઈનિંગ્સ રમી શક્યો ન હતો. તે ૧૧૨ બોલમાં ૨૪ રન નોંધાવીને આઉટ થયો હતો. જ્યારે ઓપનર વિલ યંગ બે રન નોંધાવીને આઉટ થયો હતો.

## ભારતમાં કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનનો એક પણ કેસ નહીં

**એર સુવિધા પોર્ટલ પર નેગેટિવ RT-PCR રિપોર્ટ અપલોડ કરવો પડશે પહેલી ડિસેમ્બરથી નવા દિશા-નિર્દેશો લાગુ થશે, ૧૪ દિવસનું યાત્રા વિવરણ આપવું પડશે**

નવી દિલ્હી, તા.૨૯

ભારતમાં કોરોના વાયરસના નવા વેરિએન્ટ ઓમિક્રોનનો હજુ સુધી એક પણ કેસ સામે નથી આવ્યો. સરકારના વરિષ્ઠ અધિકારીઓએ સોમવારે આ અંગેની જાણકારી આપી હતી. જોકે બે શંકાસ્પદ કેસની તપાસ હાલ ચાલુ છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકના ૨ લોકો કોરોના વાયરસથી સંક્રમિત આવ્યા છે. તેમના સેમ્પલ દ્વારા વેરિએન્ટનો પ્રકાર જાણવા તપાસ થઈ રહી છે. મહારાષ્ટ્રના થાણેનો રહેવાસી આ શખ્સ ૨૪ નવેમ્બરના રોજ દક્ષિણ આફ્રિકાની યાત્રા કરીને પરત આવ્યો હતો. ત્યાર બાદ તે કોરોના વાયરસથી સંક્રમિત આવ્યો હતો.

હાલ તે વ્યક્તિના સેમ્પલ્સને જીનોમ ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા છે જેથી તે ઓમિક્રોન વેરિએન્ટથી સંક્રમિત થયો છે કે, નહીં તે જાણી શકાય. બીજી બાજુ કર્ણાટક દ્વારા કેરળની સરહદને અડીને આવેલા દક્ષિણ કન્નડ, મદિકેરી, ચામરાજનગર અને મૈસૂર જિલ્લામાં સાવચેતીના પગલા ભરવાનો આદેશ આપી દીધો છે. મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈએ આ વાત પર ધ્યાન આપ્યું છે કે, કેરળથી આવનારા લોકોમાં કોવિડનો પ્રસાર વધારે જોવા મળ્યો છે. રાજ્ય સરકારે કેન્દ્ર સમક્ષ દક્ષિણ આફ્રિકા, હોંગકોંગ અને બોત્સવાનાથી આવતા લોકો પર યાત્રા પ્રતિબંધ લગાવવાનો પણ આગ્રહ કર્યો છે. મુસાફરોએ એરપોર્ટ પર ફરજિયાતપણે કોવિડ-૧૯ની તપાસ કરાવવી પડશે. સરકારે જેમને 'જોખમ'ની શ્રેણીમાં મુક્યા છે તેવા દેશોની યાત્રા કરીને પરત આવેલા લોકોની તપાસ પર વધારે ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તેમાં બ્રિટેન અને યુરોપ સહિત આશરે ૧૧ જેટલા દેશોનો સમાવેશ થાય છે. પહેલી ડિસેમ્બર, ૨૦૨૧થી નવા દિશા-નિર્દેશો લાગુ થઈ રહ્યા છે. નિયમ પ્રમાણે લોકોએ મુસાફરી પહેલા એર સુવિધા પોર્ટલ પર નેગેટિવ પીસીઆર રિપોર્ટ અપલોડ કરવો પડશે અને ૧૪ દિવસનું યાત્રા વિવરણ આપવું પડશે. સ્વાસ્થ્ય મંત્રાલયના દિશા-નિર્દેશો પ્રમાણે જે વ્યક્તિ સંક્રમિત નોંધાશે તેમણે આઈસોલેટ રહેવું પડશે.

## ઓમિક્રોન સામે સાવધાની જરૂરી : WHO

**ઓમિક્રોનની ઘાતકતા હજુ સુધી સ્પષ્ટ થઇ શકી નથી : પ્રારંભિક પરિણામોથી જાણવા મળ્યું છે કે, જેમને કોરોના સંક્રમણ થઈ ચુક્યું છે તેમણે વધારે બચીને રહેવાની જરૂર**

નવી દિલ્હી, તા.૨૯

ઓમિક્રોન વેરિએન્ટના જોખમ વચ્ચે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના અહેવાલ પ્રમાણે હજુ સુધી એ સ્પષ્ટ નથી થઈ શક્યું કે, કોરોનાનો આ નવો વેરિએન્ટ કેટલો સંક્રામક અને જોખમી છે. સાથે જ એ પણ નથી ખબર પડી કે, તેના લક્ષણો અત્યાર સુધી મળેલા વેરિએન્ટ કરતા અલગ છે કે નહીં. આ કારણે આ વેરિએન્ટના સંભવિત જોખમને ધ્યાનમાં રાખી સાવધાની વર્તવાની જરૂર છે, ડરવાની નહીં.

વૈશ્વિક સંસ્થાના વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે વિશ્વના તમામ દેશો ઓમિક્રોન પર સંશોધન કરી રહ્યા છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) પણ તેમના સાથે મળીને કામ કરી રહ્યું છે. આ અધ્યયનો પૂરા થવામાં કેટલાક સપ્તાહનો સમય લાગશે. માટે જ્યાં સુધી તમામ વસ્તુઓ સ્પષ્ટ ન થઈ જાય ત્યાં સુધી એમ ન કહી શકાય કે, આ નવો વેરિએન્ટ કેટલો વધારે ખતરનાક અને સંક્રામક છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (હૂ)ના કહેવા પ્રમાણે તમામ વિશ્વવિદ્યાલયોમાં કરવામાં આવેલા પ્રારંભિક સંશોધનો યુવાનો પર કરવામાં આવ્યા છે. યુવાનોમાં પહેલેથી જ વધુ ગંભીર બીમારીઓ નથી હોતી માટે તે અંગેનો વિસ્તૃત રિપોર્ટ આવવામાં કેટલાક સપ્તાહનો સમય લાગી શકે છે. વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે દક્ષિણ આફ્રિકામાં સંક્રમિતોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. પરંતુ તેનું કારણ ઓમિક્રોન છે કે અન્ય કોઈ તે જાણવાનું હજુ બાકી છે.

હૂના કહેવા પ્રમાણે પ્રારંભિક પરિણામોથી જાણવા મળ્યું છે કે, જે લોકોને પહેલા કોરોના સંક્રમણ થઈ ચુક્યું છે તેમણે વધારે બચીને રહેવાની જરૂર છે. કારણ કે નવા વેરિએન્ટમાં ઝડપથી મ્યુટેશન થઈ રહ્યું છે અને તે કોરોના સંક્રમિત થઈ ચુકેલા લોકોમાં ઝડપથી ફેલાઈ શકે છે. તે સિવાય નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોએ પણ વધારે સાવધ રહેવાની જરૂર છે.

## Omicron ડેલ્ટા વેરિયંટથી ૬ ગણી વધુ ઝડપથી ફેલાય છે

હૈદરાબાદ,તા.૨૯

કોરોનાના નવા વેરિયંટ બી.૧.૧.૫૨૯ (ઓમીક્રોન)ને દુનિયાભરમાં દહેશતનો માહોલ ઊભો કર્યો છે. રોજરોજ તેના વિશે ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. હવે નિષ્ણાતોનું કહેવું છે કે, ઓમીક્રોન વેરિયંટ સામે મોનોક્લોનલ એન્ટીબોડી થેરપી અથવા કોકટેલ ટ્રીટમેન્ટ પણ નિષ્ફળ જઈ શકે છે. દક્ષિણ આફ્રિકા અને અન્ય વિસ્તારો જ્યાં આ નવો વેરિયંટ ફેલાયો છે તેના પ્રાથમિક વિશ્લેષણ પરથી નિષ્ણાતોનું માનવું છે કે, ઓમીક્રોન ૬ ગણી વધુ ઝડપથી ફેલાવાની (આર વેલ્યૂ) ક્ષમતા ધરાવે છે. ભારતમાં બીજી લહેર માટે જવાબદાર ડેલ્ટા વેરિયંટ કરતાં છ ગણી વધુ ઝડપથી ઓમીક્રોનનું સંક્રમણ ફેલાય છે. આ વેરિયંટ રોગપ્રતિકારક શક્તિને નષ્ટ પણ કરી શકે છે. ઉપરાંત રસી લઈ ચૂકેલા લોકો પણ આનાથી સંક્રમિત થઈ શકે છે.

## થાણેના વૃધ્ધાશ્રમમાં પંચાવન વડીલો કોરોનાનો શિકાર બન્યા

**તમામ વૃદ્ધોએ કોરોના વેક્સિનના બંને ડોઝ લીધેલા હતા, આ ૫૫ લોકો સિવાય અન્ય ૭ લોકો પણ શિકાર બન્યા**

નવી દિલ્હી, તા.૨૯

કોરોનાના નવા વેરિએન્ટ અંગેની ચર્ચા વચ્ચે મહારાષ્ટ્રથી એક ખૂબ જ ચોંકાવનારી વાત સામે આવી છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે પરંતુ હવે કોરોના વેક્સિનના બંને ડોઝ લઈ લીધેલા લોકો પણ સંક્રમિત થઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે. તાજેતરની ઘટના થાણેના વૃદ્ધાશ્રમની છે જ્યાં ૫૫ વડીલો કોરોનાનો શિકાર બન્યા છે. ચિંતાની વાત એ છે કે, તે તમામ વૃદ્ધોએ કોરોના વેક્સિનના બંને ડોઝ લીધેલા હતા. આ ૫૫ લોકો સિવાય અન્ય ૭ લોકો પણ કોરોનાનો શિકાર બન્યા છે જેમાં એક ૧.૫ વર્ષની બાળકીનો પણ સમાવેશ થાય છે. કોરોનાનો શિકાર બનેલા સૌની નજીકની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. કોરોનાના સંક્રમણનો ભોગ બનેલા સૌના સ્વાસ્થ્યનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવી રહ્યું હોવાનું ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે. વાયરસને આગળ ફેલાતો અટકાવાઈ રહ્યો છે અને પ્રશાસન અનેક સ્થાનિક લોકોનો કોવિડ ટેસ્ટ કરે તેવા પણ સમાચાર છે.



હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા લોકોમાંથી ૪૧ દર્દીઓ એવા છે જેમને પહેલેથી જ કેટલીક બીમારીઓ છે. જ્યારે ૩૦ લોકો એવા છે જેમને કોરોના થયો છે પંરતુ કોઈ જ લક્ષણો નથી દેખાઈ રહ્યા.

## બિટકોઈનને માન્યતાનો નાણાંમંત્રીનો સ્પષ્ટ ઈનકાર

**સરકાર બિટકોઈન લેવડ-દેવડ પર કોઈ ડેટા એકત્ર નથી કરતી, નિર્મલા સિતારમણે સંસદમાં સ્પષ્ટતા કરી**

નવી દિલ્હી, તા.૨૯

સંસદમાં આજથી એટલે કે, સોમવારથી શીતકાલીન સત્રની શરૂઆત થઈ ગઈ છે. આગામી દિવસોમાં સંસદમાં કૃષિ કાયદા, ક્રિપ્ટોકરન્સી સહિતના કુલ ૨૬ પ્રસ્તાવો પર ચર્ચા થશે. આ બધા વચ્ચે સોમવારે લોકસભામાં નાણાં મંત્રી નિર્મલા સીતારામણે પોતાના જવાબમાં કહ્યું હતું કે, બિટકોઈનને મુદ્રા તરીકે માન્યતા આપવાનો કોઈ જ પ્રસ્તાવ નથી. આ સાથે જ મંત્રાલયે એમ પણ જણાવ્યું કે, સરકાર બિટકોઈન લેવડ-દેવડ પર કોઈ ડેટા એકત્ર નથી કરતી.



હકીકતે સાંસદ સુમલતા અંબરીશ અને ડીકે સુરેશે સરકારને સવાલ કર્યો હતો કે, 'શું સરકાર પાસે દેશમાં બિટકોઈનને મુદ્રા તરીકે માન્યતા આપવાનો કોઈ પ્રસ્તાવ છે?' તેના જવાબમાં નાણાં મંત્રી નિર્મલા સીતારામણે કહ્યું હતું કે, 'ના, સર.'

થોલના સાંસદ થિરૂમાવલવને નાણા મંત્રાલયને સવાલ કર્યો હતો કે, શું સરકારને ભારતમાં ક્રિપ્ટો કરન્સીના વેપાર અંગેની જાણકારી છે? શું ભારતમાં ક્રિપ્ટોકરન્સીને વ્યાપાર માટે કાયદાકીય મંજૂરી છે? આ સાથે જ એવો સવાલ પણ કર્યો હતો કે, શું સરકારે ભારતમાં ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જને કાયદાકીય રીતે મંજૂરી આપી છે ? તેના જવાબમાં રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ કહ્યું હતું કે, સરકાર બિટકોઈનની લેવડ-દેવડ અંગેનો ડેટા એકત્રિત નથી કરતી.

## કોરોના મૃતકોના પરિવારને વળતર માટે પોર્ટલ તૈયાર થશે

**સુપ્રીમની સરકારોને વળતરની યોજનાના પ્રચારને તેજ કરવાની સલાહ, કેન્દ્ર સરકારે સુપ્રીમને જાણકારી આપી**

નવી દિલ્હી, તા.૨૯

કોરોના વાયરસ જેવી ઘાતક બીમારીના કારણે જીવ ગુમાવનારાઓના પરિવારજનોને વળતર આપવા અંગેના નિર્ણય બાદ વધુ એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. હકીકતે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને આ મામલે એક મહત્વની જાણકારી આપી છે. કેન્દ્રની મોદી સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, કોરોના મૃતકોના પરિવારજનોને વળતર આપવા માટે એક ઓનલાઈન પોર્ટલ તૈયાર કરવામાં આવશે.

આ પોર્ટલનો ફાયદો એ થશે કે, તેના દ્વારા કોવિડ-૧૯થી જીવ ગુમાવનારા દર્દીઓના પરિવારજનો વળતર માટેનો દાવો કરી શકશે. આ તરફ સુપ્રીમ કોર્ટે સરકારોને વળતરની યોજનાના પ્રચારને તેજ કરવાની સલાહ આપી છે.

સરકારે સોમવારે કોર્ટને જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં જ વળતર માટેનું એક ઓનલાઈન પોર્ટલ તૈયાર થશે જેમાં દાવેદાર પોતાનો દાવો કરી શકશે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, એક એવી સિસ્ટમ તૈયાર હોવી જોઈએ જ્યાં લોકો વળતર માટે ઓનલાઈન દાવો કરી શકે.



સુનાવણી દરમિયાન કોર્ટે મહારાષ્ટ્ર, હરિયાણા, કેરળ, જમ્મુ કાશ્મીર, તેલંગાણા સહિત કેટલાય રાજ્યોને નોટિસ પાઠવીને આ સંબંધે સોગંદનામું દાખલ કરવા માટે કહ્યું હતું.

એટલું જ નહીં, ટોચની અદાલતે કહ્યું હતું કે, લોકોને ખબર નથી કે, અધિકારી કોણ છે? આ કારણે તમારે વળતર માટે પોર્ટલ બનાવવું જોઈએ. વળતર માટે ઓનલાઈન વ્યવસ્થા હશે તો લાભાર્થીઓની સંખ્યા પણ વધશે. તેવામાં લાભાર્થીઓને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચવામાં પણ મુશ્કેલી પડી શકે છે. ગ્રામીણ લોકો માટે મુખ્યાલય સુધી પહોંચીને યોજનાનો લાભ લેવો ખૂબ મુશ્કેલ છે. તે સિવાય વચેટીયાઓનો પણ ડર રહે છે.